# CBSE: ધો.10ના વિજ્ઞાનનું પ્રશ્નપત્ર ચાર ભાગમાં રહેશે

**વિજ્ઞાનમાં** જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિભાગો બન્યા

**જ્યારે** સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ, ભૂગોળ, રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્રને સમાવી લેવામાં આવ્યું

**સેમ્પલ** પ્રશ્નપત્રોને વેબસાઈટ પર જોઈ લેવા સીબીએસઈ બોર્ડની સૂચન

### શાળાઓને આગોતરી તૈયારી કરાવવાની અપીલ

સીબીએસઈએ તમામ શાળાઓને વિનંતી કરી છે કે વિદ્યાર્થીઓને આ નિયમો અંગે આગોતરી રીતે પૂરતી પ્રેક્ટિસ કરાવવામાં આવે, જેથી બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈ ભૂલ ન થાય. સાથે જ, શાળાઓ પ્રી-બોર્ડ પરીક્ષાઓમાં પણ આ સૂચનાઓનો સમાવેશ કરી શકે છે. સીબીએસઈની આ કડક માર્ગદર્શિકા વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ હોવાથી, બોર્ડ પરીક્ષામાં બેસનાર તમામ વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

સુરતઃ સીબીએસઈ (CBSE) દ્વારા ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાઓને લઈને મહત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ વર્ષે વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રોનું મૂલ્યાંકન વધુ ગુણવત્તાયુક્ત બને તે હેતુસર પ્રશ્નપત્રોને અલગ-અલગ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. આ સંદર્ભે સીબીએસઈએ તમામ સીબીએસઈ સંલગ્ન શાળાઓના પ્રિન્સિપાલો અને હેડ ઓફ ઈન્સ્ટિટ્યુશનને જરૂરી સૂચનાઓ પાઠવી છે.

સીબીએસઈ દ્વારા જાહેર કરાયેલ સૂચન અનુસાર, ધોરણ-10ના વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. વિભાગ-A જીવવિજ્ઞાન, વિભાગ-B રસાયણશાસ્ત્ર અને વિભાગ-C ભૌતિકશાસ્ત્ર છે. તે જ રીતે સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. વિભાગ-Aમાં ઈતિહાસ, વિભાગ-B ભૂગોળ, વિભાગ-C રાજકીય વિજ્ઞાન અને વિભાગ-D અર્થશાસ્ત્ર છે. સીબીએસઈએ સ્પષ્ટ કર્યું છે કે આ બંને વિષયોના સેમ્પલ પ્રશ્નપત્રો સીબીએસઈ એકેડેમિક વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જેને શાળાઓ અને વિદ્યાર્થીઓએ અવશ્ય ધ્યાનમાં લેવા જોઈએ.

સીબીએસઈ દ્વારા ધોરણ-10ની બોર્ડ પરીક્ષામાં હાજર થનારા વિદ્યાર્થીઓ માટે કેટલીક મહત્વની સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. વિજ્ઞાન વિષયમાં ઉત્તરપત્રકને 3 વિભાગમાં અને સામાજિક વિજ્ઞાન વિષયમાં 4 વિભાગમાં વહેંચીને જવાબ લખવાના રહેશે. દરેક વિભાગના પ્રશ્નોના જવાબ માત્ર તે વિભાગ માટે નિર્ધારિત જગ્યા પર જ લખવાના રહેશે. એક વિભાગના જવાબ અન્ય વિભાગમાં લખવા કે મિક્સ કરવાની મંજૂરી નહીં મળે. જો જવાબો વિભાગોમાં મિક્સ થયેલા હશે તો તે જવાબોનું મૂલ્યાંકન નહીં થાય અને કોઈ ગુણ આપવામાં નહીં આવે. આવી ભૂલો પરિણામ બાદ વેરિફિકેશન અથવા રીવેલ્યુએશન પ્રક્રિયામાં પણ સ્વીકારવામાં નહીં આવે.




# પૂરી અમદાવાદ ટ્રેનમાંથી રૂ.9 લાખનો ગાંજો મળ્યો

**કોચ** નં. એસ 3 એસ 4 વચ્ચેના કોરીડોરમાંથી 3 બેગ અને 1 થેલી મળી આવી

સુરતઃ વડોદરા રેલવે એસઓજી પોલીસે પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં બિનવારસી બેગમાંથી રૂ. 9,05,750 નો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

ગાંજો સપ્લાય કરનારા આરોપી ઉપર અંકુશ લાવવા માટે પશ્ચિમ રેલ્વે વડોદરા એસઓજીએ પેટ્રોલીંગ સઘન બનાવ્યું છે. પોલીસની આ ઝુંબેશ દરમિયાન પૂરીથી અમદાવાદ આવી રહેલી એક્સપ્રેસ ટ્રેનમાંથી પોલીસને ગાંજાનો જથ્થો હાથે લાગ્યો હતો. વડોદરા રેલવે એસપી અભય સોની માર્ગદર્શન હેઠળ સમગ્ર ઓપરેશન પાર પારવામાં આવ્યું હતું. બાતમીના આધારે સબ ઈન્સ્પેક્ટર ડી.ડી વણકર કોચ નંબર એસ 3 એસ 4 વચ્ચેના કોરીડોરથી પસાર થઈ રહ્યા હતા. તે અરસામાં 3 બેગ અને એક થેલી બિનવારસી હાલતમાં મળી આવી હતી.

પોલીસે બેગની તલાસી લેતા તેમાંથી ગાંજાનો 18,115 કિલો ગ્રામ ગાંજો જેની કિંમત રૂપિયા 9,05,750 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વધુમાં જાણવા મળ્યું છે કે પોલીસને આ બેગમાંથી એક વ્યક્તિનો આધાર કાર્ડ પણ મળી આવ્યો છે. જેના આધારે પોલીસ આરોપીનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં 13.8...

ભેજ નોંધાયો હતો અને 6 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો. છેલ્લા કેટલાક દિવસોથી પવનોની દિશા અને ગતિમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ક્યારેક પૂર્વ, તો ક્યારેક ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ દિશાના પવન ફૂંકાતા વાતાવરણમાં અસ્થિરતા સર્જાઈ છે. આ ફેરફારોના કારણે તાપમાનમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે, પરંતુ એકંદરે ઠંડીમાં વધારો થતો જાય છે. હવામાન વિભાગ મુજબ દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડીનો વધુ ચમકારો જોવા મળી શકે છે. ઠંડા પવનો ફૂંકાવાની આગાહી સાથે આવતા પાંચ દિવસ દરમિયાન તાપમાનનો પારો હજી નીચે જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે પાંચ દિવસ બાદ ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી પડવાની પણ સંભાવના છે. હવામાન નિષ્ણાતોના કહેવા મુજબ હાલ ભલે બપોરે સામાન્ય વાતાવરણ અનુભવાય, પરંતુ વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડી વધુ તીવ્ર બની શકે છે. તેથી બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે.

### પત્નીએ ચપ્પુથી...

એકાઉન્ટનું કામ કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થાય છે. તેમને છેલ્લા 20 વર્ષથી આંતરડાની બીમારી હતી. જોકે છેલ્લા ચારેક મહિનાથી આ બીમારીમાં વધારો થયો હતો અને તેઓ જે જમતા હતા તે પણ બરાબર પચતું ન હતું. જેથી તેઓ માનસિક તાણ અનુભવતા હતાં. શનિવારે સવારે પુત્ર નોકરી પર ગયો હતો અને ઘરે ઘનશ્યામભાઈ, તેમની પત્ની ચંદ્રિકાબેન અને દીકરી હાજર હતા. દરમિયાન આ બીમારીથી કંટાળીને ઘનશ્યામભાઈએ ચપ્પુથી પોતાનું ગળું કાપીને આપઘાત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. દરમિયાન તેમની પત્ની ચંદ્રિકાબેનની નજર તેમના પડતા તેઓ ત્યાં દોડી ગયા હતા. જ્યાં બંને વચ્ચે ઘર્ષણ થયું હતું અને બાદમાં તેમણે પત્નીને ધક્કો મારીને એપાર્ટમેન્ટના ચોથા માળની અગાસી પર દોડી ગયા હતા અને પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. જોકે ચપ્પુ ઝૂંટવતી વખતે તેમના હાથમાં ઈજા થઈ હતી.

### ત્રિરંગાનું સન્માન...

મુકાયેલી 15 'તિરંગા રક્ષા પેટી'માંથી 6 પેટીઓ અચાનક ગાયબ થઈ ગઈ છે, જ્યારે કેટલીક જગ્યાએ લોકો તેને કચરાપેટી સમજી ઉપયોગ કરી રહ્યા હોવાની ફરિયાદો પણ સામે આવી છે. રાષ્ટ્રીય તહેવારો દરમિયાન લોકો પોતાના ઘરો, દુકાનો, વાહનો અને ગાડીઓ પર તિરંગો લહેરાવે છે, પરંતુ તહેવાર પૂરો થયા બાદ ત્રિરંગા રઝળતા જોવા મળે છે. ત્રિરંગાનું સન્માન જળવાઇ રહે તે માટે બી ફોજી ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં 'તિરંગા રક્ષા પેટી'મુકવામાં આવી હતી, ટ્રસ્ટ દ્વારા કુલ 15 સ્થળોએ રક્ષા પેટી મુકવામાં આવી હતી, પરંતુ તેમાંથી 6 સ્થળોની રક્ષા પેટી ચોરી થઈ ગઈ છે. કતારગામ, અણુવ્રતદ્વાર (સિટી લાઈટ), વરાછા, પરવટ પાટિયા, ડુમસ અને સ્ટેશન વિસ્તાર સહિતના સ્થળોએથી રક્ષા પેટી ગાયબ થવાથી ટ્રસ્ટ અને દેશભક્ત નાગરિકોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. બી ફોજી ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટના ફાઉન્ડર અર્પિત પ્રજાપતિએ જણાવ્યું કે, શહેરના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તિરંગો માત્ર લહેરાવવો જ નહીં, પરંતુ તેનું સન્માન પણ જાળવવું દરેક નાગરિકની ફરજ છે.

### પિતા સાથે...

માટે ગયો હતો. જમ્યા બાદ સાગર બાઈક લઈને એકલો ઘરે આવી રહ્યો હતો. ત્યારે અબ્રામા તાપી બ્રિજ પર એક મોપેડચાલકે સાગરની બાઈકને પાછળથી ટક્કર મારી હતી. જેમાં સાગરને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત સાગરનું સારવાર દરમિયાન શુક્રવારે મોત નીપજ્યું હતું. બનાવને પગલે લસકાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વનવિભાગે 4...

આવ્યા છે. તેમના વિરુદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા તેની પાસેથી રૂ. 25000 નો દંડ વસૂલ કરી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જપ્ત કરાયેલા પોપટોને યોગ્ય સંભાળ અને સુરક્ષા માટે વન વિભાગના કબજામાં લેવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.એલ. વરમોરા (ડુમસ), વનપાલ કે.કે. દેસાઈ (ડુમસ), વનરક્ષક આઈ.એ. મહેસાણિયા (હજીરા-3) તથા સરકારી પંચો હાજર રહ્યા હતા.

### પરિવાર અર્થી...

બાદ પરિવારજનો અજ્ઞાનતાના કારણે અંતિમવિધિ કરતાં પહેલાં જ અર્થી સાથે મૃતદેહને સ્મશાનથી સીધા નવી સિવિલ હોસ્પિટલ લઈ જવા મજબૂર બન્યા હતા. આ ઘટનાએ હોસ્પિટલ સ્ટાફથી લઈને સામાન્ય નાગરિકોને પણ આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

પાંડેસરા વિસ્તારમાં આવેલા શિવમનગરમાં રહેતા 55 વર્ષીય સુનિતાદેવી વૃજનંદન તાંતી લાંબા સમયથી પેરાલીસીસ સહિતની ગંભીર બીમારીઓથી પીડિત હતા. ગઈકાલે સવારે અંદાજે 10 વાગ્યાના સુમારે તેમના નિવાસસ્થાને જ અવસાન થયું હતું. ઘરમાં અચાનક થયેલા અવસાનથી પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી અને તરત જ અંતિમવિધિની તૈયારી શરૂ કરી દેવામાં આવી હતી. પરિવારજનો સુનિતાદેવીનો મૃતદેહ અર્થી ઉપર મૂકી ઉમરા સ્મશાનભૂમિ લઈ ગયા હતા. જોકે, ત્યાં પહોંચ્યા બાદ સ્મશાન સંચાલકો દ્વારા નિયમ મુજબ મૃત્યુનું પ્રમાણપત્ર અને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જણાવાયું હતું. પરિવારજનો પાસે આ કાગળિયાં ન હોવાથી અંતિમવિધિ કરવાની મંજૂરી આપવામાં આવી નહોતી. આ બાબતે સંચાલકો અને પરિવારજનો વચ્ચે થોડો સમય વિવાદ સર્જાયો હતો. સમગ્ર મામલો ઉમરા પોલીસમથક સુધી પહોંચતા પોલીસે સ્થળ પર આવી પરિવારજનોને નિયમો અને કાયદાકીય પ્રક્રિયાની સમજ આપી હતી. કોઈ વિકલ્પ ન બચતાં પરિવારજનો સુનિતાદેવીનો મૃતદેહ અર્થી સાથે જ નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. હોસ્પિટલમાં અર્થી ઉપર મૃતદેહ જોઈને ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને અન્ય કર્મચારીઓ પણ અચંબામાં મુકાઈ ગયા હતા. આવું દ્રશ્ય ભાગ્યે જ જોવા મળે છે.

### આખરે આજે સવારે પૂર્ણ થઈ અંતિમવિધિ

પોલીસ અને ડોક્ટર તરફથી જરૂરી કાગળિયાં મળ્યા બાદ આજે સવારે સુનિતાદેવીનો મૃતદેહ ફરીથી ઉમરા શમશાનભૂમિ લઈ જવાયો હતો, જ્યાં તમામ વિધિ-વિધાન સાથે અંતે તેમની અંતિમવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં અંદાજે 8થી 10 કલાકનો સમય પસાર થયો હતો.

## માંલેગાવમાં અકસ્માતમાં મૃત્યુ કેસમાં ૬૩ લાખ વળતરનો હુકમ

સુરતઃ કીમ ખાતે મિસ્ત્રીકામ તેમજ ઈન્ટીરીયર તરીકેનું કામ કરતા સબરન વાલ્મિકીનું માંલેગાવ ફોરેસ્ટ વિસ્તારમાં, સાપુતારા ખાતે ગઈ તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. તેના વારસદારોએ વકીલ આર.સી. મહિન્દ્રાકર મારફતે સુરત ટ્રિબ્યુનલ કોર્ટ સમક્ષ અકસ્માત વળતરનો કલેઈમ કર્યો હતો. જેમાં ટ્રિબ્યુનલ આર.એ. ત્રિવેદીની કોર્ટમાં આજે ૧૩/૧૨/૨૦૨૫ના રોજ યોજાયેલી નેશનલ લોક અદાલતમાં સુખદ સમાધાન થયું હતું. ચોલામંડલમ્ એમ.એસ. જનરલ ઈન્સ્યુ. કું. ના લીગલ અધિકારી તેમજ વકીલ દર્શન શાહના અથાગ પ્રયત્નો થકી અરજદારને રકમ રૂા. ૬૩,૦૦,૦૦૦ ચૂકવવા માટે હુકમ થયો હતો.

### વડાપ્રધાન મોદીના વિચાર મુજબનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનું

# સુરતની એલિવેટેડ APMC દ્રષ્ટાંતરૂપ બનશે: મુખ્યમંત્રી

**સુરત** એ.પી.એમ.સી. નિર્મિત રાજ્યના સૌપ્રથમ એલિવેટેડ માર્કેટ યાર્ડને ખુલ્લું મૂકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**પ્રથમ** માળ સુધી ભારે વાહનો લઈ જઈ શકાય તેવા ટુ વે રેમ્પવાળી અદ્યતન બિલ્ડીંગમાં અત્યાધુનિક સુવિધાઓ



### એગ્રી એક્સપોર્ટ ઝોન વિકસાવનાર સુરત APMC રાજ્યની એક માત્ર સંસ્થા: મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,"માર્કેટ યાર્ડમાં એગ્રી એક્સપોર્ટ ઝોન વિકસાવનાર સુરત APMC રાજ્યની એક માત્ર સંસ્થા હશે જે કૃષિમાં વેલ્યુ એડિશન પર તેજ ગતિથી આગળ વધી રહી છે એમ જણાવી મુખ્યમંત્રીએ કહ્યું કે, સરકારે એગ્રો અને ફ્રુટ પ્રોસેસિંગ ચેઈન ઉભી કરીને કેરી, ચીકુ, શાકભાજી, લસણ વગેરે માટે સ્પેશિયલ એગ્રી એક્સપોર્ટ ઝોન પણ વિકસાવ્યા છે.

### એલિવેટેડ માર્કેટ યાર્ડ માટે કેન્દ્ર સરકારે રૂ.19 કરોડની સબસિડી આપી:સંદિપ દેસાઇ

ધારાસભ્ય અને સુરત એ.પી.એમ.સી.ના ચેરમેન સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે,અત્યાધુનિક એલિવેટેડ માર્કેટ યાર્ડમાં 100 ફૂટ પહોળો રેમ્પ બનાવવામાં આવ્યો છે, જેથી ટેમ્પો, ટ્રક સીધા પહેલા માળે દુકાનોની સામે જ જઈ શકશે. એલિવેટેડ માર્કેટ યાર્ડ માટે કેન્દ્ર સરકારે રૂ.19 કરોડની સબસિડી આપી છે.

### માર્કેટ યાર્ડમાં આ કમાણી કોઈ એક વ્યક્તિ કે સંસ્થાની નહીં, ખેડૂતોની છે જીતુ વાઘાણી

આ પ્રસંગે કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સુરત એપીએમસી માર્કેટ યાર્ડ સહકારની શક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. આ કમાણી કોઈ એક વ્યક્તિ કે સંસ્થાની નહીં, પરંતુ સમગ્ર સહકારી વ્યવસ્થા અને ખેડૂતોની છે.

સુરતઃ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સુરત દ્વારા નવનિર્મિત, રાજ્યના સૌથી મોટા અને સૌપ્રથમ એલિવેટેડ માર્કેટયાર્ડ એટલે કે પ્રથમ માળે ભારે વાહનો અવરજવર કરી શકે તેવી અદ્યતન માર્કેટયાર્ડનું લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથોસાથ સુરત એપીએમસી માર્કેટના આધુનિકીકરણ અને વિસ્તૃતિકરણના ભાગરૂપે નિર્માણ પામેલી આ અત્યાધુનિક એલિવેટેડ માર્કેટ યાર્ડમાં આવતા ખેડૂતો, વેપારીઓ તથા શ્રમિકો માટે વિનામૂલ્યે પ્રાથમિક સારવાર કેન્દ્ર, બિયારણ વિતરણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

એપીએમસી સરદાર માર્કેટ, ડુંભાલ ખાતે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન મોદીના વિચાર મુજબનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથેનું સુરત એપીએમસીનું સંપૂર્ણ કમ્પ્યુટરરાઇઝ રાજ્યનું પ્રથમ એલિવેટેડ માર્કેટ દ્રષ્ટાંતરૂપ બનશે. વડાપ્રધાનના વડપણ હેઠળ 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે દેશમાં અલાયદા સહકાર મંત્રાલયની રચના કરીને સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવામાં આવ્યું છે, જેનાથી ખેડૂતો અને પશુપાલકોની આવક તેમજ જીવનસ્તર સુધારવા માટે મહત્વપૂર્ણ કામગીરીને વધુ વ્યાપક અને ગુણવત્તાસભર બનાવી શકાય.

સુરત એપીએમસીએ વર્ષ 1951 માં માત્ર 15 હજાર રૂપિયાની આવક સાથે કરેલી શરૂઆત આજે સહકારિતાના વટવૃક્ષમાં પરિવર્તિત થઇ છે. ખેડૂતોને ઓનલાઇન આર.ટી.જી.એસ મારફતે ચુકવણી થતી હોવાથી અન્ય રાજ્યાના ખેડૂતો તેમની કૃષિપેદાશ વેચવા માટે અહીં આવે છે. સુરત એપીએમસી બે વર્ષથી આવકની દૃષ્ટિએ ગુજરાતમાં પ્રથમ ક્રમે છે.

આ પ્રસંગે નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ મુકેશભાઈ દલાલ, પ્રભુભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, ગણપતસિંહ વસાવા, મોહનભાઈ ઢોડીયા, ઈશ્વરભાઈ પરમાર, વિનોદભાઈ મોરડિયા, અરવિંદભાઈ રાણા, કાંતિભાઈ બલર, મનુભાઈ પટેલ, એપીએમસીના વાઈસ ચેરમેન હર્ષદ પટેલ, સુરત સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઈ પટેલ, સહકારી અગ્રણી રમણભાઈ જાની, APMC ડિરેક્ટરો, જિલ્લા સંગઠન પ્રમુખ ભરત રાઠોડ, અગ્રણીઓ, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# બહેનની સગાભાઈ સહિત 4 ચોરીની ફરિયાદ

**પિતાના** નિધન બાદ પરિણીતાને ઘોડદોડ રોડના ઘરમાં પ્રવેશ કરવા દેતાં ન હતા

સુરતઃ ઘોડદોડ રોડ રોયલ પેલેસમાં રહેતી બિનાબેન અનિલભાઈ શર્માના પતિ સાઉથ આફ્રિકામાં ધંધા અર્થે વસવાટ કરે છે. રોયલ પેલેસના ફ્લેટમાં પરિણીતાની સાથે અગાઉ તેના માતા પિતા રહેતા હતા, ફ્લેટ માતાના નામે હતો. પિતા તોતારામ શર્માનું નિધન થયા બાદ મિલકત અંગે પરિવારમાં વિવાદ શરૂ થયો હતો. જેમાં ગત 2018માં ભાઈ અશોક શર્માએ માતા સાથે મળી ફ્લેટ અંગે દસ્તાવેજ કાર્યવાહી કરી હતી, એ પછી પરિણીતાને ફ્લેટમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ મામલે તેણે ઉમરા પોલીસમાં અરજી કરી હતી. ત્યારે આ ફ્લેટના એક રૂમમાં પરિણીતાએ પોતાના સોના ચાંદીના દાગીના, ઘડિયાળો, કપડાં, રોકડ, પાસપોર્ટ અને ચેકબુક સહિતના દસ્તાવેજો રાખ્યા હતા. જે તમામ વસ્તુઓ કુલ કિંમત રૂ.26.20 લાખનો મુદ્દામાલ ફ્લેટમાંથી રહસ્યમય રીતે ગુમ થયો હોવાની જાણ બીનાબેન શર્માને થઈ હતી. સામાનની ચોરી અંગે પોલીસ સમક્ષ પરિણીતાએ પોતાના સગાભાઈ અશોક તોતારામ શર્મા (રહે., મેઘનાપાર્ક, સીટીલાઈટ), નિતુબેન શંકરભાઈ વસાવા (રહે., મેઘના પાર્ક રહે, નવી કોલોની, સુલતાનાબાદ, ડુમસ) અને મોહન ઉક્કડભાઈ પટેલ (રહે., મેઘનાપાર્ક સીટીલાઈટ) વિરુદ્ધ ફરિયાદ આપી હતી. જે ફરિયાદ આધારે ઉમરા પોલીસે ચારેય વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### દિલ્હી ગેસ...

AQI, જે સાંજે 4 વાગ્યે 431 પર રેકોર્ડ કરવામાં આવ્યો હતો, તે વધતા વલણ દર્શાવે છે અને સાંજે 6 વાગ્યે 441 પર રહ્યો હતો જે સિવિયર પ્લસની નજીક સરકી રહ્યો હોવાનું જણાતા GRAP-4 નિયંત્રણો અમલી બનાવાયા હતા. GRAP હેઠળ, હવાની ગુણવત્તાને ચાર તબક્કામાં વર્ગીકૃત કરવામાં આવી છેઃ ખરાબ (AQI 201-300), ખૂબ જ ખરાબ (AQI 301-400), ગંભીર (AQI 401-450) અને ગંભીર પ્લસ (450 થી ઉપર AQI). વાયુ ગુણવત્તાના પ્રવર્તમાન વલણને ધ્યાનમાં રાખીને અને પ્રદેશમાં હવાની ગુણવત્તામાં વધુ બગાડ અટકાવવાના પ્રયાસરૂપે, GRAP પરની CAQM પેટા-સમિતિએ સમગ્ર NCR માં તાત્કાલિક અસરથી હાલના GRAP - 'ગંભીર+' હવા ગુણવત્તા (DELHI AQI > 450) ના તબક્કા-IV હેઠળ પરિકલ્પના મુજબની તમામ કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ NCR માં પહેલાથી જ અમલમાં રહેલા વર્તમાન GRAP ના તબક્કા I, II અને III હેઠળની કાર્યવાહી ઉપરાંત છે, એમ CAQM એ એક નિવેદનમાં જણાવ્યું હતું. AQI બગડવાના કારણો સમજાવતા, CAQM એ જણાવ્યું હતું કે ઉત્તર-પશ્ચિમ ભારત તરફ આવી રહેલ નબળો પશ્ચિમી ખલેલ મુખ્ય ફાળો આપનાર પરિબળ હતું સ્થાનિક નહીં ઉત્સર્જન નહીં. આ પ્રવર્તમાન હવામાન પરિસ્થિતિઓને કારણે પવનની ગતિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, ક્યારેક શાંત થઈ રહ્યો છે, પવનની દિશામાં પશ્ચિમથી પૂર્વ તરફ સ્થળાંતર થયું છે અને નીચલા વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. શિયાળાની ઋતુમાં આવી પરિસ્થિતિઓ ફોગ અને સ્મોગના નિર્માણ માટે અનુકૂળ હોય છે, જેના પરિણામે સપાટીની નજીક પ્રદૂષકોનું વિભાજન ઓછું થાય છે અને તેઓ ત્યાં ફસાઈ જાય છે. આ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે, હવાની ગુણવત્તામાં અચાનક બગાડ જોવા મળ્યો છે એમ તેમણે જણાવ્યું હતું. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના જણાવ્યા અનુસાર, દિલ્હીના કુલ મોનિટરિંગ સ્ટેશનોમાંથી, ૨૧ 'ગંભીર' શ્રેણીમાં હતા, જેમાં એક્યુઆઈ રીડિંગ્સ ૪૦૦ના આંકની પાર નોંધાયું હતું. સીપીસીબીના ડેટા અનુસાર, વઝીરપુરમાં સૌથી વધુ એક્યુઆઈ ૪૪૫, ત્યાર બાદ વિવેક વિહાર ૪૪૪, જહાંગીરપુરીમાં ૪૪૨, આનંદ વિહાર ૪૩૯ અને અશોક વિહાર અને રોહિણીમાં ૪૩૭ નોંધાયો હતો. સીપીસીબીના ડેટા ઉમેરે છે કે, નરેલામાં ૪૩૨, ત્યાર બાદ પ્રતાપગંજમાં ૪૩૧, મુંડકામાં ૪૩૦ અને બવાના, આઈટીઓ અને નેહરુ નગરમાં ૪૨૯ નોંધાયા હતા. ચાંદની ચોક અને પંજાબી બાગમાં એક્યુઆઈ ૪૨૩-૪૨૩ હતો, જ્યારે સિરી ફોર્ટ અને સોનિયા વિહારમાં ૪૨૪-૪૨૪ નોંધાયા હતા. એમ સીપીસીબીના ડેટામાં ઉમેરવામાં આવ્યું છે. વધુમાં નોંધાયું છે કે, બુરારી ક્રોસિંગમાં ૪૧૪ એક્યુઆઈ નોંધાયો હતો. ત્યાર બાદ કરણી સિંહ શૂટિંગ રેન્જમાં ૪૦૯, ઉત્તર કેમ્પસ અને આરકે પુરમમાં ૪૦૮ અને ઓખલા ફેઝ ૨ ખાતે ૪૦૪ નોંધાયો હતો.

### ધુમ્મસને કારણે...

અને તેઓ ખતરામાંથી બહાર હોવાનું જાણવા મળ્યું છે. અથડામણ બાદ આ માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસે ટોલ પ્લાઝા મેનેજમેન્ટની મદદથી ક્રેનનો ઉપયોગ કરીને ક્ષતિગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કર્યા હતા અને ધીમે ધીમે જામ દૂર કર્યો હતો. ટ્રાફિકનું નિયમન કરવા અને સામાન્ય અવરજવર પુનઃસ્થાપિત કરવા માટે પોલીસ કર્મચારીઓ સ્થળ પર રહ્યા હતા. વાહનચાલકોને સાવધાનીપૂર્વક વાહન ચલાવવા, સલામત અંતર જાળવવા અને ધુમ્મસવાળી સ્થિતિમાં ગતિ મર્યાદાનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાન, ગૌતમ બુદ્ધ નગર ટ્રાફિક પોલીસે શિયાળા દરમિયાન ગાઢ ધુમ્મસને ધ્યાનમાં રાખીને યમુના એક્સપ્રેસવે પર મહત્તમ ગતિ મર્યાદા ઘટાડી છે, માર્ગ અકસ્માતોનું જોખમ ઘટાડવા માટે હળવા મોટર વાહનો માટે 75 કિમી પ્રતિ કલાક અને ભારે વાહનો માટે 60 કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા નક્કી કરી છે.

### કેરળમાં ભાજપે...

કારણ કે, તિરુવનંતપુરમ જિલ્લો કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ શશિ થરૂરનું ગૃહક્ષેત્ર છે, જે રાજ્યની રાજધાનીમાં ભાજપની સફળતાના માપદંડને રેખાંકિત કરે છે. શનિવારે પૂર્ણ થયેલી 2025ની કેરળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગણતરી મુજબ, એનડીએએ ત્રિપુનિથુરા નગરપાલિકા પર નિયંત્રણ મેળવીને શાસક એલડીએફને હાંકી કાઢીને વધુ એક મહત્ત્વપૂર્ણ વિજય મેળવ્યો હતો.

બધું મળીને આ પરિણામો કેરળમાં ભાજપ માટે એક મોટી સફળતાનો સંકેત આપે છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જ્યાં પાર્ટી પરંપરાગત રીતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પર નિયંત્રણ મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે. તિરુવનંતપુરમ કોર્પોરેશન પર ભાજપનો કબજો ચૂંટણી ચક્રની તેની સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે.

આ જીત સાથે રાજ્યની રાજધાનીમાં દાયકાઓથી ચાલી રહેલા એલડીએફ પ્રભુત્વનો અંત આવ્યો છે અને શહેરી મતદારોની ભાવનામાં નોંધપાત્ર પરિવર્તનનો સંકેત આપે છે.

૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલાં મનોબળ વધારનારા પ્રદર્શનમાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફે શનિવારે કેરળની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નિર્ણાયક વિજય મેળવ્યો હતો, જેનાથી એલડીએફને ફટકો પડ્યો જ્યારે ભાજપે દાયકાઓથી ડાબેરીઓના નિયંત્રણમાંથી શહેરની સ્વરાજ્ય સંસ્થાને છીનવી લીધી, જેને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના રાજકારણની ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી. રસપ્રદ વાત એ છે કે, શનિવારે એકતરફ રાજ્યભરમાં મતગણતરી શરૂ થઈ હતી ત્યારે તિરુવનંતપુરમના કોંગ્રેસના લોકસભા સાંસદ શશિ થરૂરની 'લોકશાહીની સુંદરતા'વાળી ટિપ્પણીની સૌથી વધુ ચર્ચા થઈ હતી. થરૂરે કહ્યું કે, તેમણે એલડીએફના ૪૫ વર્ષના 'કુશાસન'માંથી પરિવર્તન માટે પ્રચાર કર્યો હતો, પરંતુ મતદારોએ આખરે બીજી પાર્ટીને પુરસ્કાર આપ્યો છે જેણે શાસનમાં સ્પષ્ટ પરિવર્તનની માંગ કરી હતી. થરૂરે કહ્યું, ''આ લોકશાહીની સુંદરતા છે. લોકોના ચુકાદાનો આદર કરવો જોઈએ, પછી ભલે તે એકંદરે યુડીએફ માટે હોય કે મારા મતવિસ્તારમાં બીજેપી માટે.''

આ જીતથી બીજેપી ને કેરળમાં તેનો પ્રથમ મેયર મળવાની શક્યતા ખુલી ગઈ છે, જેમાં રાજ્યની પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી, 64 વર્ષીય આર શ્રીલેખાને આ પદ માટે ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે.

### દિલ્હીમાં 'ડિજિટલ...

ખાતું કથિત રીતે બિહારના પટણાની ઠગ ટોળકી દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) પર આ જ બેંક ખાતા સામે ૩૨ જેટલી ફરિયાદો નોંધાઈ છે, જેમાં આશરે રૂ. ૨૪ કરોડની છેતરપિંડીની રકમનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા લોકોમાં બિહારના નાલંદા જિલ્લાના પ્રભાકર કુમાર (૨૭), બિહારના વૈશાલી જિલ્લાના રૂપેશ કુમાર સિંહ (૩૭) અને હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લાના દેવ રાજ (૪૬)નો સમાવેશ થાય છે. છેતરપિંડીની કુલ રકમમાંથી, ૧૭ લાખ રૂપિયા હોલ્ડ પર રાખવામાં આવ્યા હતા અને પીડિતાને પરત કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીની રકમ વસૂલવાના પ્રયાસો ચાલુ છે.

### સંસદ પર...

હુમલો પાંચ સશસ્ત્ર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો, પરંતુ તે વખતની સંસદ સુરક્ષા સેવા, CRPF અને દિલ્હી પોલીસના કર્મચારીઓએ આ હુમલો નિષ્ફળ બનાવ્યો હતો, જેમાં કોઈ પણ આતંકવાદી ઈમારતમાં પ્રવેશી શક્યો ન હતો. આ હુમલામાં દિલ્હી પોલીસના છ કર્મચારીઓ, સંસદ સુરક્ષા સેવાના બે કર્મચારીઓ, એક માળી અને એક ટીવી પત્રકાર માર્યા ગયા હતા. પાંચેય આતંકવાદીઓને તત્કાલીન સંસદ ભવનના પ્રાંગણમાં ગોળી મારીને મારી નાખવામાં આવ્યા હતા.


**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનંવતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી . જેની અમારા માનંવતા ગ્રાહકોને નોધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

| અં નં | સબ-સ્ટેશન | ફીડરનું નામ | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ /વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી છાપરા | ૧૧ કે.વી ગીતાંજલી | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૧૫.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૨ | ૬૭ કે.વી છાપરા | ૧૧ કે.વી સાહિલ | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૧૫.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કબીલપોર | ૧૧ કે.વી કબીલપોર | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | ૧૭.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૪ | ૬૬ કે.વી. કબીલપોર | ૧૧ કે.વી કાલીયાવાડી | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | ૧૭.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૫ | ૬૬ કે.વી વેસ્મા | ૧૧ કે.વી આરક | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | ૧૮.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૬ | ૬૬ કે.વી. એરૂ | ૧૧ કે.વી જલાલપોર | જલાલપોર | ૬૩૫૯૬૩૮૫૨૩ | ૧૫.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૭ | ૬૬ કે.વી. એરૂ | ૧૧ કે.વી તાસ્કંદ નગર | જલાલપોર | ૬૩૫૯૬૩૮૫૨૩ | ૧૭.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૮ | ૬૬ કે.વી. એરૂ | ૧૧ કે.વી વિજલપોર | વિજલપોર | ૯૮૭૯૨૦૧૦૭૨ | ૧૫.૧૨.૨૦૨૫ | ૯:૦૦ થી ૫:૦૦ |
| ૯ | ૬૬ કે.વી. નવસારી સીટી | ૧૧ કે.વીમિથિલા નગરી | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૧૭.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |
| ૧૦ | ૬૬ કે.વી છાપરા | ૧૧ કે.વી. પ્રતિક્ષા | નવસારી ઈસ્ટ | ૯૮૭૯૨૦૧૦૭૭ | ૧૬.૧૨.૨૦૨૫ | ૮:૦૦ થી ૨:૦૦ |

કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

પીપલોદ {સં. અને નિ} વિભાગીય કચેરી

પેહલો માળ, ઈ-સ્પેસની સામે, ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા, ન્યુ વી.આઈ.પી.રોડ, ભરથાણા-વેસુ, સુરત-૩૯૫૦૦૭

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન ની અગત્યની સમારકામ, RDSS તથા DISS ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા તમામ ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

| સબ સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નં | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| મોરા | ૧૧ કે.વી જુનાગામ | ઈચ્છાપોર | જુના ગામ, સુવાલી અને રાજગરી ને આજુબાજુ ના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ | ૧૧ કે.વી મગદલ્લા | મગદલ્લા | આભવા ગામ ને આજુબાજુ ના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૨ | ૧૧કે.વી સમર્થ | મગદલ્લા | મગદલ્લા ગામ અને એલ & ટી કોલોની | ૧૯૧૨૩ | ૧૫.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ખજોદ | ૧૧ કે.વી મંગલમ | મગદલ્લા | આગમ શોપિંગ વર્લ્ડ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૧ | ૧૧ કે.વી BRTS | મગદલ્લા | BRTS ચાર્જિંગ સ્ટેશન | ૧૯૧૨૩ | ૧૫.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વડોદ | ૧૧ કે.વી રામેશ્વરગ્રીન | બમરોલી | રામેશ્વરગ્રીન, શ્રુન્ગલ હોમ્સ, બમરોલી ગામ ને તેની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૬.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧ કે.વી DMD | અલથાણ | ચાઈના ગેટ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૬.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૧ | ૧૧ કે.વી સ્ટેડિયમ | પીપલોદ | કુંભાત ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૬.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી રઘુવીર | અલથાણ | ભીમરાડ કેનાલ રોડ ને આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ખજોદ | ૧૧ કે.વી ગોલ્ડ | અલથાણ | આભવા ગામ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧ કે.વી યુપી નગર ફીડર | અલથાણ | સતકેવલ સોસાયટી ને તેની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧ કે.વી હેપી | અલથાણ | ન્યુ સીટી લાઈટ, આણુંવ્રત દ્વાર ની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૯.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી પરસોત્તમ | અલથાણ | પરસોતમ નગર ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૯.૧૨.૨૫ | ૯:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ :- સમારકામ પૂર્ણ થયેથી કોઇપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર (સં.અને નિ), પીપલોદ વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ